પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૪૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૦૬-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નવી સરકારમાં પણ મોદીએ નથી બદલી કોર ટીમ, મહત્ત્વનાં ખાતાં ભાજપે પોતાની પાસે જ રાખ્યાં

### એક તીરથી અનેક નિશાન – ૨૯ OBC, ૨૮ જનરલ, ૧૦ SC, ૫ ST, ૭ મહિલા

ચૂંટણીપ્રચાર દરમિયાન વિપક્ષી ઈન્ડિયા બ્લોકની રાજનીતિના કેન્દ્રમાં રહેલા અન્ય પછાત વર્ગ (ઓબીસી) અને એસઈબીસીને મોદી મંત્રીમંડળમાં સૌથી વધુ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. ઓબીસીથી ૨૭ અને એસઈબીસી (આર્થિક પછાત વર્ગ) થી બે, કુલ ૨૯ મંત્રી આ વર્ગથી બનાવવામાં આવ્યાં છે. અનુસૂચિત જાતિ (એસસી) થી ૧૦ અને અનુસૂચિત જનજાતિ વર્ગથી મોદી સરકારમાં પાંચ મંત્રી બનાવવામાં આવ્યાં છે. એક મંત્રી ખ્રિસ્તી સમુદાયથી પણ બનાવવામાં આવ્યાં છે.

### ૬ પૂર્વ CMને પણ કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા.

૬ પૂર્વ મુખ્યમંત્રીને પણ કેબિનેટમાં સ્થાન મળ્યું છે. જેમાં શિવરાજ સિંહ ચૌહાણ (મધ્યપ્રદેશ), મનોહર લાલ (હરિયાણા), સર્બાનંદ સોનોવાલ (આસામ), એચડી કુમારસ્વામી (કર્ણાટક), જીતન રામ માંઝી (બિહાર), રાજનાથ સિંહ (ઉત્તરપ્રદેશ)નાં નામ સામેલ છે. રાજનાથ સતત ત્રીજી વખત કેબિનેટ મંત્રી બન્યા છે. નરેન્દ્ર મોદી પણ ગુજરાતના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે.

### ગુજરાત માંથી ૬ પણ ગુજરાતી ૪ સાસંદો મંત્રી બન્યા.

ગુજરાત માંથી ૬ સાંસદોને સ્થાન મળ્યું છે. જોકે, એસ જયશંકર અને જે.પી. નડ્ડા ગુજરાતના રાજ્યસભાના સાંસદો ખરા પણ ગુજરાતી નહિ. એમ જોવા જઈએ તો ગુજરાતી સાસંદો –૪ જ છે, જે ગયા વખતે ૬ હતા. યુપીમાં આ વખતે ભાજપને બેઠકો ઓછી આવી છે, પણ દસ સાંસદોને મંત્રી બનાવ્યા છે. એવી જ રીતે બિહાર માંથી ૮ને મંત્રી બનાવ્યા છે. એની પાછળની રણનીતિ સ્પષ્ટ છે. હવે પછી બિહાર અને ઉત્તરપ્રદેશ રાજ્ય ફરી કબજે કરવાના છે. કોંગ્રેસ શાસિત કર્ણાટકથી ચાર અને નવા નવા જીતેલા અને પહેલીવાર જ્યાં સરકાર ભાજપ સરકાર બનાવવાનો છે, એ ઓડિસા માંથી ૩ને મંત્રીપદ મળ્યું છે. એવી જ રીતે હરિયાણા માંથી પણ ૩ને સ્થાન મળ્યું છે. છત્તીસગઢથી લઈને કેન્દ્ર શાસિત પ્રદેશ દિલ્હી અને છત્તીસગઢ સુધી, ઘણા રાજ્ય એવાં છે. જ્યાંથી એક–એક મંત્રી બનાવાયા છે.

૭૩ વર્ષના મોદીની ૭૧ સભ્યની કેબિનેટ બની છે. પહેલીવાર એવું બન્યું કે શપથ લીધા પછી ૨૪ કલાક પછી ખાતાંની વહેંચણી થઈ. મોદીએ પોતે એક નિર્ણય કરીને ફાઇલ પર સહી કરી નાખી છે, પણ મંત્રીઓ સાંજ સુધી કયા મંત્રાલયમાં જવાનું છે, એના વિશે માથું ખંજવાળતા હતા.

મોદી સરકારનાં ખાતાંનું વિતરણ સોમવારે સાંજે સાડા છ વાગ્યે કરવામાં આવ્યું. અમિત શાહને ફરીથી ગૃહમંત્રી, રાજનાથસિંહને સંરક્ષણમંત્રી, નીતિન ગડકરીને માર્ગ અને પરિવહનમંત્રી બનાવવામાં આવ્યા છે. એસ. જયશંકર વિદેશ મંત્રાલયમાં જ રહેશે.

શિવરાજ સિંહને કૃષિ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. મનોહરલાલ ખટ્ટરને ઊર્જા વિભાગ આપવામાં આવ્યો છે. નીતિન ગડકરીની સાથે રાજ્યના બે મંત્રી પણ હશે. અજય ટમ્ટા અને હર્ષ મલ્હોત્રાને માર્ગમંત્રી અને પરિવહન રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા છે.

શપથગ્રહણ બાદ ૨૩:૩૦ કલાકે ખાતાંની વહેંચણી કરવામાં આવી. અગાઉ ૨૦૧૯માં ૧૮ કલાક અને ૨૦૧૪માં ૧૫.૩૦ કલાકનો સમય લાગ્યો હતો.

આ મોદી છે. ૨૩ વર્ષ પહેલાં ગુજરાતમાં કેશુભાઇ પાસેથી જ્યારે તેમણે ચાર્જ સંભાળ્યો અને મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા પછી મળવાનું થયું હતું. એ વખતે વાતચીત પછી કેશુભાઇ અને મોદીમાં શું ફરક હશે એ વિશે લખ્યું હતું. મુખ્ય ફરક હતો ગતિનો. મોદી બહુ એડવાન્સમાં કામ કરે છે અને કામ કરવાની ગતિ ભલભલાને પછાડી દે એવી હોય છે. શપથ પહેલાં મોદીએ સંભવિત મંત્રીઓનો કલાસ લીધો હતો. એમાં તેમણે આગામી ૧૨૫ દિવસનો પ્લાન પણ કહી દીધો હતો.

મોદી પોતે કહે છે કે, તેઓ ૧૮ કલાક કામ કરે છે, પણ તેમનું જાગરણ મંત્રીઓના રીતસર ઉજાગરા કરાવનારું હોય છે. અધિકારીઓ પણ એ જ રીતે કામ કરતા હોય છે. આ વખતે મંત્રીમંડળની રચના વખતે પણ તેમણે નાની–નાની બાબતોનું ધ્યાન રાખ્યું છે. તેમણે રાજ્યોના પ્રતિનિધિત્વ અને જાતિગણિતનું સંતુલન સાધ્યું છે. તેમણે કુલ ૨૪ રાજ્ય માંથી ૭૧ મંત્રી બનાવ્યા છે. જેમાંથી ૩૦ કેબિનેટ મંત્રી, ૫ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને ૩૬ રાજ્યમંત્રી બનાવ્યા છે. ૨૭ OBC, ૧૦ SC, ૫ ST અને ૫ લઘુમતી, જોકે, એકપણ મુસ્લિમને મંત્રી નથી બનાવ્યા એની નોંધ પણ મીડિયાએ લીધી છે.આ વખતે મોદીએ ગઠબંધનની સરકાર બનાવી છે, એટલે NDAના સાથીપક્ષોને સાચવવાની એક વધારાની કામગીરી કરવી પડી છે. આ કામગીરી ગમે એવી નથી, પણ બેઠકો ઓછી છે, એટલે મજૂબૂરીમાં તેમણે સાથીપક્ષોને મંત્રી બનાવ્યા છે અને એ પણ પૂરા ૧૧.અનુભવ અને યુવાનું મિશ્રણ પણ કર્યું છે. ૪૩ મંત્રી ત્રણ કે તેથી વધુ ટર્મથી સાંસદ રહી ચૂક્યા છે. ૩૯ પહેલાં પણ કેન્દ્રીય મંત્રી રહી ચૂક્યા છે. ૨૩ મંત્રી રાજ્યોની કેબિનેટમાં રહી ચૂક્યા છે. ૩૪ મંત્રી વિધાનસભાઓમાં ચૂંટાયેલા છે. કેબિનેટમાં ૩૦માંથી છ મંત્રી વકીલ છે, જ્યારે ત્રણ મંત્રી પાસે MBAની ડિગ્રી છે. ૧૦ મંત્રી પોસ્ટ ગ્રેજ્યુએટ છે. અશ્વિની વૈષ્ણવ પૂર્વ IAS છે. આમાં ૨ એક્ટર પણ સામેલ છે.વડાપ્રધાન મોદી અને રાજનાથસિંહ પાસે પણ માસ્ટર્સ ડિગ્રી છે. કેબિનેટ મંત્રીઓ નીતિન ગડકરી, જે.પી. નડ્ડા, પીયૂષ ગોયલ, સર્બાનંદ સોનોવાલ, ભૂપેન્દ્ર યાદવ અને કિરણ રિજિજુ એવા છ મંત્રીઓ છે, જેમની પાસે કાયદાની ડિગ્રી છે. ભાજપની મજબૂત વોટબેંક મનાતા જનરલ કલાસ માંથી ૨૮ મંત્રી બનાવવામાં આવ્યાં છે. જ્ઞાતિગત સમીકરણ જોઈએ તો આઠ બ્રાહ્મણો અને ૩ રાજપૂત નેતાઓને મંત્રી બનાવવામાં આવ્યાં છે. ભૂમિહાર, યાદવ, જાટ, કુર્મી, મરાઠા, વોક્કાલિગા વર્ગથી મોદી સરકારમાં બે–બે મંત્રી છે. બે મંત્રી શિખ સમુદાયથી પણ છે. જેમાં જાટ અને પંજાબી ખત્રી સામેલ છે. કર્ણાટકના પ્રભાવશાળી લિંગાયત સમાજની સાથે જ નિષાદ, લોધ જાતિ અને મહાદલિત વર્ગથી પણ એક ચહેરાને મંત્રી બનાવવામાં આવ્યાં છે. પશ્ચિમ બંગાળના પ્રભાવશાળી મતુઆ સમાજની સાથે જ આહિર, ગુર્જર, ખાટીક અને વાણિયા વર્ગમાંથી એક–એક નેતા કેબિનેટમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યાં છે.રવિવારે શપથ ગ્રહણ કરનારા ૭૧ મંત્રીઓના પોર્ટફોલિયોના વિતરણની રાહ જોવાઈ રહી છે. ૨૦ વર્ષમાં પહેલીવાર એવું બન્યું છે કે, મોદી સરકાર ૩.૦ એ ૯મી જૂને સાંજે ૭.૧૫ કલાકે શપથ લીધા અને ૧૦મી જૂને સાંજે ૪ વાગ્યા સુધી એટલે કે ૨૦ કલાકથી વધુ સમય વીતી જવા છતાં વિભાગની વહેંચણીની કોઈ યાદી બહાર પાડી નથી. દેશભરના લોકોનું સૌથી વધુ ધ્યાન એ વાત પર છે કે શું સંરક્ષણ, ગૃહ, નાણા અને વિદેશ મંત્રાલયો રાજનાથસિંહ, અમિત શાહ, નિર્મલા સીતારમણ અને એસ જયશંકર પાસે પહેલાની જેમ રહેશે કે પછી તેમાં કોઈ ફેરબદલ થઈ શકે છે.

મોદી સરકાર ૨.૦ના મંત્રીઓએ ૩૦ મે, ૨૦૧૯એ સાંજે ૭ વાગ્યે શપથ લીધા અને બીજા દિવસે ૩૧ મે, ૨૦૧૯એ બપોરે ૧૨.૫૯ વાગ્યે મંત્રીઓના વિભાગોની વહેંચણી થઈ ગઈ હતી. પ્રથમ વખત નરેન્દ્ર મોદીનો શપથ ગ્રહણ ૨૬ મે ૨૦૧૪એ સાંજે થયો અને બીજા દિવસે ૨૭ મે ૨૦૧૪એ સવારે વિભાગોની વહેંચણી થઈ ગઈ.

મોદી કેબિનેટમાં સ્થાન ન મળવા પર અજિત પવારના જૂથની NCPની નારાજગી બાદ હવે એકનાથ શિંદે જૂથની શિવસેનાની નારાજગી પણ સામે આવી રહી છે. પાર્ટીના ચીફ વ્હીપ શ્રીરંગ બર્ને કહે છે કે એક તરફ ચિરાગ પાસવાન, જીતન રામ માંઝી અને એચડી કુમારસ્વામીની પાર્ટીને ઓછી બેઠકો મળવા છતાં કેબિનેટ મંત્રાલય આપવામાં આવ્યું છે, તો બીજી તરફ સાત સાંસદો હોવા છતાં તેમની પાર્ટીને કોઈ કેબિનેટ મંત્રાલય આપવામાં આવ્યું નથી.ચિરાગ પાસવાનની પાર્ટીએ પાંચ બેઠકો જીતી, જેમાં ચિરાગને કેબિનેટ મંત્રાલય આપવામાં આવ્યું, જીતન રામ માંઝીએ તેમની પાર્ટીમાંથી એકલા હાથે ચૂંટણી જીતી અને તેમને કેબિનેટ મંત્રાલય મળ્યું તો જેડીએસને બે બેઠકો મળી, જેમાં એચડી કુમારસ્વામીને કેબિનેટ મંત્રીનો દરજ્જો આપવામાં આવ્યો છે.

ભાજપના સાયલન્ટ પણ સ્ટ્રોન્ગ વોટ બેંક છે. મહિલા મતદાર મોદીએ સાત મહિલાઓની સ્થાન આપ્યું છે. ગત સરકારમાં મંત્રી રહી ચૂકેલા નિર્મલા સીતારમણ અને અનુપ્રિયા પટેલની સાથે જ અન્નપૂર્ણા દેવી, શોભા કરંદલાજે, રક્ષા ગોડસે, સાવિત્રી ઠાકુર અને નિમુબેન બાંભણિયાને મંત્રી બનાવવામાં આવ્યાં છે.

### કયા કેબિનેટ મંત્રીને કયું ખાતું ?

| કેબીનેટ મંત્રી | કોને કયું મંત્રાલય |
|---|---|
| ૧. નરેન્દ્ર મોદી (પ્રધાનમંત્રી) | પર્સનલ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય : પરમાણુ ઉર્જા વિભાગ, અંતરિક્ષ વિભાગ તમામ મહત્વપૂર્ણ નીતિગત મુદ્દાઓ અને કોઈપણ મંત્રીને ફાળવવામાં આવેલા અન્ય તમામ મંત્રાલયો. |
| ૨. રાજનાથસિંહ | રક્ષા મંત્રાલય |
| ૩. અમિત શાહ | ગૃહ અને સહકાર |
| ૪. નીતિન ગડકરી | માર્ગ અને મકાન |
| ૫. જે.પી.નડ્ડા | આરોગ્ય, કેમિકલ અને ખાતર |
| ૬. શિવરાજસિંહ | કૃષિ, પંચાયત અને ગ્રામીણ વિકાસ |
| ૭. નિર્મલા સીતારમણ | નાણાં |
| ૮. એસ જયશંકર | વિદેશ |
| ૯. મનોહરલાલ ખટ્ટર | ઉર્જા અને શહેરી વિકાસ |
| ૧૦. એચડી કુમાર સ્વામી | સ્ટીલ અને ભારે ઉદ્યોગો |
| ૧૧.પીયૂષ ગોયલ | વેપાર અને ઉદ્યોગો |
| ૧૨. ધર્મેન્દ્ર પ્રધાન | શિક્ષણ |
| ૧૩. જીતનારામ માંઝી | લઘુ ઉદ્યોગ |
| ૧૪.રાજીવ રંજન | પંચાયતી રાજ મત્સ્ય પશુપાલન |
| ૧૫. સર્બાનંદ સોનેવાલ | પોર્ટ અને શિપિંગ |
| ૧૬. ડૉ. વિરેન્દ્ર કુમાર | સામાજીક ન્યાય સહકારિતા |
| ૧૭. રામ મોહન નાયડુ | નાગરિક ઉડ્ડયન |
| ૧૮. પ્રહલાદ જોશી | ખાદ્ય અને નાગરિક પુરવઠા |
| ૧૯. જુએલ ઓરાઓન | આદિવાસી |
| ૨૦. ગિરિરાજ સિંહ | ટેક્સટાઈલ |
| ૨૧. અશ્વિની વૈષ્ણવ | રેલ્વે,માહિતી પ્રસારણ, આઈ.ટી. |
| ૨૨. જ્યોતિરાદિત્ય સિંધિયા | ટેલિકોમ અને ઉત્તર પૂર્વ વિકાસ |
| ૨૩. ભુપેન્દ્ર યાદવ | પર્યાવરણ,વન અને આબોહવા પરિવર્તન |
| ૨૪. ગજેન્દ્ર સિંહ શેખાવત | પ્રવાસન |
| ૨૫. અન્નપૂર્ણા દેવી | મહિલા અને બાળ વિકાસ |
| ૨૬. કિરણ રિજિજુ | સંસદીય બાબતો અને લઘુમતી |
| ૨૭. હરદીપ પુરી | પેટ્રોલિયમ અને નેચરલ ગેસ |
| ૨૮. મનસુખ માંડવિયા | શ્રમ મંત્રાલય |
| ૨૯. જી કિશન રેડ્ડી | કોલસા અને ખાણ મંત્રાલય |
| ૩૦. ચિરાગ પાસવાન | ખેલ મંત્રાલય |
| ૩૧. સી.આર.પાટીલ | જળ અને શકિત મંત્રાલય |

## મુંબઈમાં ભારે વરસાદથી હાહાકાર, અનેક જગ્યાએ પાણી ભરાયા, સમય કરતા ચોમાસાની વહેલા એન્ટ્રી



મુંબઈ,

દક્ષિણ પશ્ચિમ ચોમાસું ધીમે ધીમે મજબૂત થતાં અન્ય રાજ્યોમાં પણ એક્ટિવ થવા લાગ્યું છે. કેરલ બાદ હવે મુંબઈમાં ચોમાસું સમય કરતા બે દિવસ વહેલા પહોંચી ગયું છે. તેના કારણે મુંબઈની સાથે સાથે આજુબાજુના વિસ્તારોમાં પણ મૂશળધાર વરસાદ થયો છે. તેનાથી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગે કોંકણ વિસ્તારમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. કેરલમાં પણ ચોમાસાના પ્રભાવના કારણે મૂશળધાર વરસાદ થઈ રહ્યો છે. આઈએમડીએ કેટલાય જિલ્લામાં એલર્ટ જાહેર કર્યું છે, જેથી સામાન્ય લોકોની સાથે પોલીસ અને પ્રશાસન પણ સતર્ક રહે. તો વળી રાજસ્થાનમાં પશ્ચિમી વિક્ષોભના કારણે હવામાનમાં પરિવર્તન આવ્યું અને ભારે પવન સાથે વરસાદ થયો છે. તેનાથી તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

દક્ષિણ પશ્ચિમ ચોમાસું કેરલ અને પૂર્વોત્તર વિસ્તારમાં ૩૦ મેના રોજ સમય કરતા વહેલું પહોંચ્યા બાદ મુંબઈમાં પણ સામાન્યથી બે દિવસ પહેલા રવિવારે પહોંચી ગયું છે. સામાન્યતઃ ચોમાસું ૧ જૂન સુધી કેરલ અને ૧૧ જૂન સુધી મુંબઈ તથા ૨૭ જૂન સુધી રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પહોંચે છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યું છે કે, પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં મેના અંતમાં પસાર થયેલા ચક્રવાત રેમલે ચોમાસાને બંગાળની ખાડી તરફ ખેંચી લીધું અને જેના કારણે પૂર્વોત્તરમાં ચોમાસાનું આગામ સમય કરતા વહેલા થઈ ગયું. આપને જણાવી દઈએ કે, કેરલમાં ચોમાસાનું આગામનની તારીખ ૧ જૂન તથ અરુણચાલમાં, ત્રિપુરા, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને આસામમાં ૫ જૂન છે.

મુંબઈ અને તેની આજુબાજુના વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ થયો છે. જેના કારણે તાપમાનમાં ઘટાડો આવ્યો છે. લોકોને ભીષણ ગરમીમાંથી રાહત મળે છે. આઈએમડીએ જણાવ્યું છે કે, ભારે વરસાદના કારણે મહારાષ્ટ્રના પાડોશી પાલઘર જિલ્લામાં રસ્તાનો એક ભાગ ધસી પડ્યો છે. જેના કારણે રવિવારે સવાર મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર ૪ કલાકથી વધારે સમય સુધી વાહન વ્યવબાર પ્રભાવિત રહ્યો. પોલીસ નિયંત્રણ કક્ષના એક અધિકારીએ જણાવ્યું કે, પાઈપલાઈન સહિતનું કામકાજ ચાલી રહ્યું હતું ત્યારે ભારે વરસાદના કારણે પાલઘરના માલજીપાડા વિસ્તારમાં રસ્તાનો એક ભાગ તૂટી ગયો. તેમણે જણાવ્યું કે, તેનાથી વાહનવ્યવહાર ઠપ થઈ ગયો અને રસ્તાની બંને બાજુ અવરજવરમાં મુશ્કેલીઓ આવી. થાણે, નાસિક, છત્રપતિ સંભાજીનગર, અહમદનગર, સતારા અને જલગાંવ સહિત મહારાષ્ટ્રના કેટલાય જિલ્લામાં એક દિવસમાં સારો એવો વરસાદ થયો છે.આઈએમડીના જણાવ્યા અનુસાર મુંબઈમાં કોલાબા વેધશાલા, જ્યાં રાજ્ય સરકારના મોટા ભાગના પ્રશાસનિક કાર્યાલયો આવે છે, ત્યાં ૬૭ મિમી વરસાદ નોંધાયો છે. તો વળી છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની નજીક સાંતાક્રૂજ વિધશાળામાં ૬૪ મિમી વરસાદ થયો છે. કોલાબામાં પણ સારો એવો વરસાદ થયો છે. સતારામાં છેલ્લા એક દિવસમાં ૯૧ મિમી, નાસિકમાં ૬૪ મિમી, અહમદનગરમાં ૫૭ મિમી, છત્રપતિ સંભાજીનગરમાં ૫૧ મિમી અને જલગાંવમાં ૪૧ મિમી વરસાદ નોંધાયો છે.

## ઉત્તર પ્રદેશમાં ચાર જ દિવસમાં ૧૬ એક્કાઉન્ટરમાં બે વોન્ટેડ ઠાર મરાયા


નવીદિલ્હી,

નવી દિલ્હીઃ દેશભરમાં લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી હવે ચૂંટણી આચારસંહિતા દૂર થઈ ગઈ છે ત્યારે ઉત્તર પ્રદેશમાં યોગી સરકાર એક્શનમાં આવી ગઈ છે. ઉત્તર પ્રદેશ પોલીસે ઓપરેશન ક્લિન હેઠળ એક્કાઉન્ટર મારફત ગૂનેગારોની ધરપકડ શરૂ કરી દીધી છે. આ ક્રમમાં ઉત્તર પ્રદેશ પોલીસે છેલ્લા ચાર જ દિવસમાં ૧૬ એક્કાઉન્ટર કર્યા છે, જેમાં બે ગુનેગારોએ જીવ ગુમાવ્યા છે.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લોકસભા ચૂંટણીની આદર્શ આચાર સંહિતા દૂર થયા પછી તમામ વિભાગોના કામકાજમાં ગતિ લાવવાનો આદેશ આપ્યો છે. તેની અસર જોવા પણ મળી રહી છે. છેલ્લા ચાર દિવસમાં પોલીસ વિભાગે એક્કાઉન્ટર કરીને અસામાજિક તત્વો પર કાર્યવાહી કરવાનું શરૂ કરી દીધું છે. ગુંડાઓ સાથેની અથડામણની ૧૬ ઘટનાઓમાં બે ગુંડા માર્યા ગયા છે તેમજ અન્ય ૧૪ ઘાયલ થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

ડીજીપી મુખ્યાલયના નિર્દેશ પર વિવિધ જિલ્લામાં કુલ ૬૧ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા છે અથવા તેમને લાઈન હાજર કરી દેવાયા છે. આ સાથે જ વિભાગમાં પ્રમોશન્સના આદેશ પણ આપી દેવાયા છે. પોલીસ વિભાગે ૫૩ અપર પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ (એએસપી)ને વરિષ્ઠ વેતનમાનમાં બઢતી આપવાનો આદેશ આપ્યો છે. બીજીબાજુ ડીજીપી મુખ્યાલયે ૬૪૩ હેડ કોન્સ્ટેબલને સબ ઈન્સ્પેક્ટર પદ પર પ્રમોટ કરવાનો આદેશ આપ્યો છે.

પોલીસે એક્કાઉન્ટરમાં બિહારના એક કુખ્યાત વોન્ટેડ ગુનેગાર નિતેશ રાયને ઠાર કર્યો છે. નિલેશ રાય પર બિહારમાં રૂ. ૨.૨૫ લાખનું ઈનામ જાહેર કરાયું હતું. તે બિહારના બેગુસરાયનો રહેવાસી હતો. વધુમાં જૌનપુર પોલીસે રૂ. ૧ લાખનું ઈનામ ધરાવતા વોન્ટેડ પ્રશાંત સિંહ ઉર્ફે પ્રિન્સને જિલ્લાના ખેતસરાય પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અથડામણમાં ઠાર કર્યો હતો. તે ૭ વર્ષથી ભાગેડૂ હતો.

## હું દેશના તમામ વિદ્યાર્થીઓને ખાતરી આપું છું કે હું સંસદમાં તમારો અવાજ બનીશ ,રાહુલ



નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ 'નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ એન્ટ્રન્સ પરીક્ષાના વિવાદ અંગે વડા પ્રધાન-નિયુક્ત નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કહ્યું કે મોદીની નવી ટર્મ માટે ઉમેદવારી પહેલાં જ શપથ, પરીક્ષામાં કથિત "અનિયમિતતા" ને કારણે ૨૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને નુકસાન થયું છે. ગાંધીએ દેશના વિદ્યાર્થીઓને ખાતરી આપી હતી કે તેઓ સંસદમાં તેમનો અવાજ બનશે અને તેમના ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દાઓને મજબૂતીથી ઉઠાવશે.

નીટ યુજીમાં માર્ક્સ વધવાના આરોપો વચ્ચે, નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ શનિવારે કહ્યું કે શિક્ષણ મંત્રાલયે માર્ક્સ મેળવનારા ૧,૫૦૦ થી વધુ ઉમેદવારોના પરિણામોની સમીક્ષા કરવા માટે ચાર સભ્યોની સમિતિની રચના કરી છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એકસ' પર એક પોસ્ટમાં લખ્યું છે કે, "નરેન્દ્ર મોદીએ શપથ પણ લીધા નથી અને નીટ પરીક્ષામાં ધાંધલ-ધમાલથી ૨૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો બરબાદ થઈ ગયા છે." આ જ પરીક્ષા કેન્દ્રના વિદ્યાર્થીઓ મહત્તમ ગુણ મેળવીને ટોચ પર રહ્યા હતા.

તેમણે કહ્યું, "કેટલા વિદ્યાર્થીઓ આવા માર્ક્સ મેળવે છે? આ માત્ર ટેકનિકલ રીતે જ શક્ય નથી, પરંતુ સરકાર પ્રશ્નપત્ર લીક થવાની સંભાવનાને સતત નકારી રહી છે આ માટે મજબૂત યોજના. તેમણે કહ્યું, "અમે અમારા મેનિફેસ્ટોમાં કાયદો બનાવીને વિદ્યાર્થીઓને 'પ્રશ્નપત્ર લીકથી મુક્ત' બનાવવાનો સંકલ્પ કર્યો હતો."

ગાંધીએ કહ્યું, "આજે હું દેશના તમામ વિદ્યાર્થીઓને ખાતરી આપું છું કે હું સંસદમાં તમારો અવાજ બનીશ અને તમારા ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દાઓને મજબૂતીથી ઉઠાવીશ." ) અને 'ભારત' તેમનો અવાજ દબાવવા દેશે નહીં. તે જ સમયે,એનટીએએ કોઈપણ ગેરરીતિનો ઈનકાર કર્યો છે અને કહ્યું છે કે દ્રઝઈઈ્ (નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ) પાઠ્ય પુસ્તકોમાં ફેરફાર અને પરીક્ષા કેન્દ્રમાં સમય પસાર કરવા માટે વિદ્યાર્થીઓને આપવામાં આવેલા માર્ક્સ વિદ્યાર્થીઓને વધુ માર્ક્સ મેળવવાનું કારણ છે. .

આ મુદ્દાએ રાજકીય રંગ લીધો છે અને ઘણા પક્ષોએ આ પરીક્ષાઓની વિશ્વસનીયતા અંગે ચિંતા વ્યક્ત કરી છે. કોંગ્રેસે શુક્રવારે દ્રઈઈ્ માં "અનિયમિતતાઓ" ની ઉચ્ચ સ્તરીય સુપ્રીમ કોર્ટ દ્વારા દેખરેખ હેઠળની તપાસની માંગ કરી હતી અને ભારતીય જનતા પાર્ટી પર યુવાનો સાથે દગો કરવાનો અને તેમના ભવિષ્ય સાથે રમવાનો આરોપ મૂક્યો હતો.

## કિંગમેકર બન્યા બાદ ચંદ્રબાબુ નાયડુ પરિવારની સંપત્તિમાં ૧૨૨૫ કરોડનો વધારો

નવીદિલ્હી

છેલ્લા પાંચ વર્ષથી સત્તાથી દૂર રહેલા ચંદ્રા બાબુ નાયડુના નસીબે વળાંક લીધો છે. તેઓ માત્ર આંધ્ર પ્રદેશમાં સત્તામાં પાછા ફર્યા છે એટલું જ નહીં, પરંતુ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી તેઓ કેન્દ્ર સરકાર માટે કિંગ મેકરની ભૂમિકામાં પણ આવી ગયા છે.આ દરમિયાન એન ચંદ્રબાબુ નાયડુના પરિવારની સંપત્તિમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. છેલ્લા ૧૨ ટ્રેડિંગ સેશનમાં આંધ્રપ્રદેશ સ્થિત હેરિટેજ ફૂડ્સના શેરમાં નોંધપાત્ર ૧૦૫%નો વધારો થયો છે. ઉછાળાને કારણે પરિવારની સંપત્તિમાં રૂ. ૧,૨૨૫ કરોડનો આશ્ચર્યજનક વધારો થયો હતો.સોમવારે હેરિટેજ ફૂડ્સનો શેર બીએસઈ પર રૂ. ૭૨૭.૯ની નવી ૫૨ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. કંપનીના શેરમાં ૧૦%ની ઉપરની સર્કિટ લાગી. બે સપ્તાહ પહેલા ૨૩ મેના રોજ કંપનીના શેર રૂ. ૩૫૪.૫ પર બંધ થયા હતા. કંપનીના શેરમાં ૩ જૂન (ચૂંટણીના પરિણામોના એક દિવસ પહેલા) થી ૧૦ જૂન સુધી મજબૂત વૃદ્ધિ જોવા મળી હતી. આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન-નિયુક્ત ચંદ્રાબાબુ નાયડુના પરિવારની કંપનીમાં કુલ ૩૫.૭૧ ટકા હિસ્સો છે. પરિવાર પાસે કંપનીના ૩,૩૧,૩૬,૦૦૫ શેર છે.

## ઉત્તર કોરિયાના સરમુખત્યારે હવે ગંદકી ફેલાવવાનું શરૂ કર્યું, પછી દક્ષિણ કોરિયામાં કચરો ભરેલા ફુગ્ગા મોકલ્યા

સિઓલ

પરમાણુ બોમ્બની ધમકી આપનાર ઉત્તર કોરિયાએ હવે ગંદા કૃત્યોનો આશરો લીધો છે. ઉત્તર કોરિયાએ ફરી એકવાર દક્ષિણ કોરિયાની અંદર કચરો ભરેલા સેંકડો બલૂન મોકલ્યા છે. આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે હાલમાં જ દક્ષિણ કોરિયામાં પ્યોંગયાંગ વિરોધી કાર્યકર્તાઓએ કહ્યું હતું કે તેઓએ ગુબ્બારા દ્વારા સરહદ પારથી સરમુખત્યાર કિમ જોંગ ઉન વિરુદ્ધ પત્રિકાઓ મોકલી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સરમુખત્યાર કિમ જોંગ ઉન દ્વારા મોકલવામાં આવેલા કચરામાં સિગારેટના બટ્સથી લઈને કાર્ડબોર્ડ અને પ્લાસ્ટિકના ટુકડાઓ સામેલ છે.

સિઓલની સેના આવી કાર્યવાહીને લઈને પહેલેથી જ સતર્ક હતી. દરમિયાન આ કચરાના ફુગ્ગાના સમાચાર સામે આવ્યા હતા. જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે કહ્યું કે ઉત્તર કોરિયા ફરી એકવાર દક્ષિણ કોરિયા તરફ કચરો ધરાવતા બલૂન મોકલી રહ્યું છે. તેમણે લોકોને સલાહ આપી કે કોઈ પણ ફુગ્ગા મળે તો તેની જાણ અધિકારીઓને કરો અને તેમને સ્પર્શ કરવાનું ટાળો. તે જ સમયે, સિઓલ પ્રશાસનની સાથે, ગ્યોંગગી પ્રાંતના અધિકારીઓએ પણ લોકોને ફુગ્ગાઓ સામે ચેતવણી આપી.

દક્ષિણ કોરિયાની સૈન્યએ કહ્યું કે ઉત્તર કોરિયાએ સપ્તાહના અંતે ફરી એકવાર સેંકડો કચરાના ફુગ્ગા મોકલ્યા. તેમણે કહ્યું કે મે મહિનાથી ત્રીજી વખત આ પ્રકારનું કૃત્ય કરવામાં આવ્યું છે. સૈન્યએ અગાઉ કહ્યું હતું કે તે બલૂનમાં ઉત્તર કોરિયાની પ્રચાર સામગ્રી છે કે કેમ તેની તપાસ કરી રહી છે. ઉત્તર કોરિયાએ કહ્યું કે તે સરહદી વિસ્તારોમાં પત્રિકાઓ અને અન્ય કચરો ફેલાવવાનું ચાલુ રાખતા દક્ષિણમાં કાર્યકરો સામે બદલો લેશે તે પછી તાજેતરની ઘટના બની છે.તમને જણાવી દઈએ કે, ૧૯૫૦ના દાયકામાં કોરિયન યુદ્ધ બાદથી ઉત્તર અને દક્ષિણ કોરિયા બંનેએ પોતાના પ્રચાર અભિયાનમાં બલૂનોનો ઉપયોગ કર્યો છે.પ્યોંગયાંગે અગાઉ ખાતરી આપી હતી કે તે આવી કોઈપણ કાર્યવાહી બંધ કરશે. જો કે, થોડા દિવસો પછી દક્ષિણ કોરિયાના એક જૂથે ફાઈટર્સ ફોર ફ્રી નોર્થ કોરિયા અભિયાન શરૂ કર્યું. તેણે ઉત્તર કોરિયાના કચરો ભરેલા ફુગ્ગાઓના જવાબમાં સરહદ પર લાઉડસ્પીકર પર પ્રસારણ કરવાનું શરૂ કર્યું. આ લાઉડસ્પીકર ઉત્તર કોરિયા તરફ ફેરવવામાં આવ્યા હતા. આમાં કે-પૉપ મ્યુઝિક વગાડવામાં આવે છે, જે ઉત્તર કોરિયાને ખૂબ જ હેરાન કરે છે. ઉત્તર કોરિયામાં કે-પૉપ ગીતો સાંભળવા અથવા તેનું સંગીત રાખવા પર કડક સજાની જોગવાઈ છે. દક્ષિણ કોરિયાની સૈન્યએ કહ્યું છે કે લાઉડસ્પીકર લગાવવા એ એક ચેતવણી છે. તેમજ કિમના શાસનની નિંદા કરતા બે લાખ પેમ્ફલેટ સાથે ૧૦ ફુગ્ગા મોકલવામાં આવ્યા હતા.ઉત્તર કોરિયાના સ્થળાંતર કરનારાઓના બનેલા અન્ય જૂથે પણ જણાવ્યું હતું કે તેણે શુક્રવારે દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યુન સુક યેઓલના ભાષણ સાથે ૧૦૦ રેડિયો, ૨૦૦,૦૦૦ એન્ટી પ્યોંગયાંગ પત્રિકાઓ અને ૧૦ બલૂન મોકલ્યા હતા. બીજા જૂથના નેતા જંગ સે-યુલે શનિવારે કહ્યું કે અમે અમારું બલૂન અભિયાન બંધ કરીશું નહીં, પછી ભલે કિમ જોંગ ઉન કચરો ધરાવતા બલૂન મોકલે કે નહીં.ગયા વર્ષે, દક્ષિણ કોરિયાની બંધારણીય અદાલતે ૨૦૨૦ ના કાયદાને ફગાવી દીધો હતો જેણે પ્યોંગયાંગ વિરોધી પ્રચાર મોકલવાને ગુનાહિત ઠેરવ્યો હતો, તેને ભાષણની સ્વતંત્રતા પર ગેરવાજબી પ્રતિબંધ ગણાવ્યો હતો. નિષ્ણાતો કહે છે કે સરકાર પાસે હવે કાર્યકરોને ઉત્તર કોરિયામાં બલૂન મોકલતા રોકવા માટે કોઈ કાનૂની આધાર નથી.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# બાલાસિનોરમાં નગરપાલિકાએ ૪૦ દુકાનોમાં તપાસ કરી ૬ કિલો પ્લાસ્ટિક જપ્ત કર્યું

## પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા વેપારીઓમાં ફફડાટ.




બાલાસીનોર,

બાલાસિનોર : બાલાસિનોર નગરપાલિકા દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચતા વેપારીઓ અને લારીઓ ઉપર તપાસ કરવામાં આવી હતી અને ૬ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી લઈ કાર્યવાહી કરાઈ હતી. નગરપાલિકાના ચેકિંગને પગલે પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચતા વેપારીઓમાં ફફડાટ ફેલાવે છે.

બાલાસિનોરનો સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચતા વેપારીઓ સામે તપાસ કરવામાં આવી હતી. બાલાસિનોર નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેક્ટર, કલાર્ક સહિતની ધીમે શહેરમાં ચાલી જેટલી દુકાનો અને લારી ગલ્લો તપાસ કરી હતી. આ જગ્યાઓ ઉપરથી ૬ સલ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવતો જપ્ત કરી લેવામાં આવ્યો હતો. સાથે જ વેપારીઓને સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવેલ પ્લાસ્ટિકનો જથ્થો ઉપયોગ ન કરવા જણાવી દેવામાં આવ્યું હતું. નગરપાલિકાએ હાલ કોઈ દંડનીય કાર્યવાહી કરી ન હતી. પરંતુ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પ્રતિબંધિત નો ઉપયોગ ન કરવા લોકોને તાકીદ કરી હતી. બાલાસિનોરમાં નગરપાલિકાની કાર્યવાહીથી વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# લુણાવાડા એસ. ટી વર્કશોપ ખાતે ફાયર સેફટી તાલીમ આપવામાં આવી



લુણાવાડા,

જેમાં લુણાવાડા ફાયરની ટીમના ઈન્ચાર્જ સ્ટેશન ફાયર ઓફિસર જે.એન.પરમાર તેમજ તેમની ટીમ ઉપસ્થિત રહી લુણાવાડા ડેપોના ડેપોમેનેજર તથા વહીવટી સ્ટાપ તથા મિકેનિક સ્ટાફ, ડ્રાઈવર–કંડકટર ભાઈઓ ને જ્યારે કોઈ આકસ્મિક પરિસ્થિતિ ઉભી થાય અને આગ લાગે ત્યારે બસમાં મુકેલ ફાયર સેફટી ના સાધનનો કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે વિગતવાર સમજણ આપી પ્રેક્ટિલ આગ લાગી હોય તેવી પરિસ્થિતિ ઉભી કરી આગ ભુજાવવા ની તાલીમ આવી

# સાયકલ લઈને અમરનાથ યાત્રા પર નીકળેક યુવકનું સ્વાગત કરાયું



લુણાવાડા,

મહીસાગર જીલ્લાના યુટ્યુબર ગોપુભાઈને મહિસાગર થી ચારધામની યાત્રા અંદાજે ૫ હજાર કિમીની યાત્રાએ સાઈકલ લઈ જતા હોય તો ખાનપુર ચોકડી ખાતે મુલાકાત લઈ મદદ કરી પ્રોત્સાહન આપી અને યાત્રા શુભ રહે એ માટે ખાનપુર ગામના યુવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

# મહીસાગરના જાણીતા ચિત્રકાર બીપીન પટેલની કૃતિ સીટી સ્ટ્રીટને રસીકલાલ પરીખ એવોર્ડ



લુણાવાડા,

છેલ્લા આઠ વર્ષથી રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવનાર કલાસાધક મહીસાગર જીલ્લાના યુવા ચિત્રકાર બિપિન પટેલની યશકલગીમાં વધુ એક છોગુ ઉમેરાયું છે તેમણે અત્યાર સુધીમાં સતત ૨૯૪૭ દિવસમાં ૨૯૪૭ પેઈન્ટિંગ પૂર્ણ થયા છે. અવિરત રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવી અનોખી કલાસાધના જીવનમાં આત્મસાત કરનાર આર્ટીસ્ટ બીપીન પટેલે વિશ્વસ્તરે અને રાષ્ટ્રીયસ્તરે પણ નામના મેળવી છે. આર્ટિસ્ટ બિપિન પટેલએ તેમની કલાયાત્રામાં અનેક કીર્તિમાન સ્થાપ્યા છે. તાજેતરમાં ગુજરાત રાજયના ૬૪મું રાજય કલા પ્રદર્શન સ્પર્ધામાં વિવિધ વિભાગનું પરિણામ જાહેર થયું છે. જેમાં ચિત્રકાર બિપિન પટેલની કૃતિ સીટી સ્ટ્રીટને રસીકલાલ પરીખ એવોર્ડ સાથે રૂપિયા પાંચ હજારનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે.તેમની આ ગૌરવપૂર્ણ સિધ્ધી બદલ સૌએ અભિનંદન પાઠવ્યા છે.

# ઝાલોદ નગરમાં રોડ રસ્તાની માંગણીને લઈ વાયદાનો થપ્પો રમતા નગરપાલિકા ચીફ ઓફિસર



ઝાલોદ,

ઝાલોદ નગર પાલિકા અંતર્ગત આવતા વોર્ડ નંબર ૪ મા આવતા ટાવર થી સિટી ગ્રાઉન્ડ સુધીનો રસ્તો છેલ્લા આઠ માસથી નગરપાલિકા દ્વારા તોડી નાખેલો છે અને તેના નવીનીકરણ માટે આ વિસ્તારમાં રહેતા રહીશો દ્વારા નગર પાલિકાના ચીફ ઓફિસરને અને ઈન્જીનીયર કિશોરભાઈને કેટલીય વાર લેખિત, મૌખિક અને ટેલીફોનીક રીતે રસ્તો નવો બનાવવા માટે માંગ કરાઈ રહેલ છે. અહીંના રહીશોને અહીંથી આવન જાવન કરવા માટે ઘણી બધી તકલીફ પડી રહેલ છે. આગામી દિવસોમાં ચોમાસુ બેસે તે પહેલાં રોડ બનાવવા માટે અહીંના લોકો દ્વારા માંગણી કરવામાં આવેલ છે, પણ નગરપાલિકાની સત્તામાં બેઠેલ જાડી ચામડીના અધિકારીઓ કામ ન કરવાનું મુડ બનાવી બેસેલ છે તેવું લાગે છે.અહીંના રહીશો દ્વારા રોડ બનાવવાની માંગ કરવામાં આવે છે. ત્યારે ખોટા વાયદા કરવામાં આવે છે આ રોડની માંગ કરતા રહીશો આ વિસ્તારમા રહીને કોઈ ગુનેગાર બની ગયા હોય એવો જવાબ આપે છે. ઝાલોદની જનતા પાસે ચુંટણી ટાણે વોટ લેવા આવતા નગરના સ્થાનિક નેતાગીરીને પણ અહીંના સ્થાનિકો દ્વારા કેટલીય રજૂઆતો કરાઈ પરંતુ તેઓનું પણ પાલિકા તંત્ર સાંભળતુ નથી કે કઈ ઉપજતું નથી. તેવું સ્થાનિકોએ લાગી રહેલ છે.

ઝાલોદની જનતાની સમસ્યાનો ઉકેલ જો સમયસર નહી આવે તો જનતા હવે ઝાલોદના ટાવર, પ્રજાપતીવાસ અને સીટી ગ્રાઉન્ડ વિસ્તારની સોસાયટીના રહેવાસી ફરી આંદોલનના મુડમાં છે અને બની શકે આવનારી નગર પાલિકાની ચુટણીનો બહિષ્કાર કરે.ભરત ટાવર થી પાલિકા સુધી રોડની ખરાબ પરિસ્થિતિ થી અહીં રહેતા સ્થાનિકો ત્રાસી ગયેલ છે. નગરપાલિકાના ચીફ ઓફિસરને રજૂઆતો કરતા બદલામાં વાયદાઓ પર વાયદા કરતા રહે છે. જેથી જાણે અહીંના લોકો સાથે થપ્પાની રમત રમતા હોય તેમ સ્થાનિકોને લાગી રહેલ છે. સ્થાનિકો એ નગરપાલિકાના ખરાબ વહીવટને લઈ અનોખી રીતે વિરોધ કરેલ છે ટાવર થી નગરપાલિકા વિસ્તાર સુધીની દિવાલો પર પાલિકા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર લખી વિરોધ કરાયો છે. હાલમાં સ્થાનિકો દ્વારા ચીફ ઓફિસરને મૌખિક રીતે ફરી રજૂઆત કરવામાં આવતા તેઓએ ગુરૂવાર થી નવીન રોડની કામગીરી થશે તેવો વાયદો કરેલ છે. જો સ્થાનિકોના નવીન રોડની માંગણી હવે પૂરી નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી સ્થાનિકો દ્વારા કરવામાં આવેલ છે.

# ઝાલોદ લાયન્સ કલબના ૫૦ માં પ્રમુખ બનતા મૂકેશ અગ્રવાલ




ઝાલોદ,

લાયન્સ કલબ એક ઈન્ટરનેશનલ સેવાકીય સંસ્થા છે. જેનો ડંકો દેશ વિદેશમાં જોવા મળે છે. ભારતમાં લાયન્સ કલબ ૧૯૧૭ થી સ્થાપિત છે અને તેણે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા પોતાનું આગવું સ્થાન ઉભું કર્યું છે. ઝાલોદ નગરમાં ૦૮–૦૬–૧૯૭૪ ના રોજ લાયન્સ કલબની સ્થાપના કરવામાં આવી હતી. સતત ૪૯ વર્ષ થી ઝાલોદ નગરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિ દ્વારા આગવું સ્થાન ઉભું કર્યું છે.

લાયન્સ કલબ હોલમા ૫૦ મા ઈન્સટોલેશન સેરેમનીનો પ્રોગ્રામ યોજાયો હતો. પ્રોગ્રામની શરૂઆત આમંત્રિત મહેમાન તેમજ શપથવિધિ કરાવવા માટે આવેલ મુખ્ય મહેમાન લાયન સંજીવ પંચોલીના સ્ટેજ પર બોલાવી સ્વાગત સાથે કરવામાં આવેલ હતી તેમજ સાથે સાથે ઝાલોદ, લીમડી, દાહોદ થી ઉપસ્થિત તમામ લાયન મેમ્બરોનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાવ્યા નાયર દ્વારા સ્વાગત ડાન્સ કરી ઉપસ્થિત મહેમાનોનુ સ્વાગત કર્યું હતું. પૂર્વ પ્રમુખ લાયન કૃષ્ણકાંત ખંડેલવાલ દ્વારા ઉપસ્થિત લોકોને સંબોધિત કરવામાં આવ્યા હતા, તેમજ તેમના કાર્યકાળમા સુંદર સાથ સહકાર આપનાર તમામ લાયન મેમ્બરોનો આભાર માની સભાની શરૂઆત કરી હતી.

# સંજેલી તાલુકામા આઈસીડીએસ વિભાગમાં કથીન ભ્રષ્ટાચારને લઈને ન્યાયિક તપાસ કરવા આમ આદિમી પાર્ટીની માંગ



- આઈસીડીએસ વિભાગ દ્વારા તેલનો જથ્થો ફાળવવા તેમજ છ મહિનાના પેન્ડિંગ બિલો નાખવા ઝઉઘ આવેદન.
- ૪,૨૪,૭૦૦ની ખરીદી કરવાને બદલે ફક્ત દોઢ લાખની જ ખરીદી કરાઈ બાકીના પૈસા ચાંઉ?
- ૧૦ દિવસમાં તપાસ નહીં થાય તો અમે તમામ આંગણવાડી કેન્દ્ર પર મુલાકાત કરી ખુલ્લા પાડીશું..
- આમ આદમી પાર્ટી સંજેલી તાલુકાના પ્રમુખ અલ્પેશ ચારેલ ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી જયેશ સંગાડા સહિતની ટીમ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ને સંબોધીને સંજેલી તાલુકા વિકાસ અધિકારીને આવેદન.
- સંજેલી તાલુકામાં આઈસીડીએસ વિભાગમાં મોટાપાયે ભ્રષ્ટાચાર ને લઈ આમ આદમી પાર્ટી દ્વારા તપાસને લઇ તાલુકા વિકાસ રજુવાત કરાઈ.

દાહોદ,

સંજેલી તાલુકાની ૧૩૭ આંગણવાડી કેન્દ્ર આવેલા છે. જેમાં ૦ થી ૬ માસના બાળકો ૬ થી ૩ અને ૩ થી ૬ વર્ષ ૧૪ થી ૧૮ની કિશોરીઓ સાથે સગર્ભા ધાત્રી માતાઓની ૧૩,૦૦૦ ઉપરાંત લાભાર્થીઓની સંખ્યા આવેલી છે. જેમાં સરકાર દ્વારા વિવિધ યોજનાઓ કાર્યરત મૂકવામાં આવી છે. જેમાં આઈસીડીએસ વિભાગમાં થયેલ કથીત ભ્રષ્ટાચારને લઈ તપાસ કરવા રજૂઆત કરાઈ. છેલ્લા છ સાત મહિનાથી પોષણ સુધા યોજનાના બીલો ચૂકવવામાં આવ્યા નથી. જ્યારે સરકારનો પરિપત્રને પણ ગોળીને પી જતા હોય તેમ જોવાઈ રહ્યું છે. પોષણ સુધા યોજનામાં એડવાન્સમાં બિલો નાખવા છતાં પરિપત્રને પણ ઘોળીને પી જતાં હોય તેમ આઈસીડીએસ વિભાગના સીડીપીઓ તેમજ પોષણ સુધા યોજનામાં વાસણોની ખરીદી માટે ૪,૨૭,૪૦૦ સરકાર દ્વારા ફાળવવામાં આવ્યા હતા. જેમાં સંજેલી તાલુકાની ૧૩૭ આંગણવાડી કેન્દ્રદિત ૩૧૦૦ વર્કરો બહેનના ખાતામાં નાખવામાં આવ્યા પરંતુ આઈસીડીએસ વિભાગ દ્વારા તાત્કાલિક મીટીંગ યોજી ખરીઘી ઉપરથી કરવાની છે, તેમ કહી બધી બહેનો પાસેથી ૩૧૦૦/–ના લેખે નાખેલા પૈસા ઉઘરાવીને આઈસીડીએસ વિભાગ દ્વારા ખરીદી કરવામાં આવી. કેન્દ્ર દીઠ ૩૧૦૦ની ખરીદી કરવાને બદલે ફક્ત ૭૦૦ થી ૮૦૦ રૂપિયાની જ ખરીદી કેમ કરવામાં આવી? બાકીના પૈસા કોણ ચાંઉ કરી ગયું ? કઈ એજન્સીમાં માલ ખરીદયો ? ખરીદીમાં પણ ખૂબ મોટો ભ્રષ્ટાચાર થયેલો છે. કેટલા રૂપિયાનો માલ ખરીદી કરી બિલ સહિતની તપાસ માટે આમ આદમી પાર્ટી દ્વારા સંજેલી તાલુકામાં રજૂઆત કરાઈ અને આઈસીડીએસ વિભાગ દ્વારા તેલના ડબ્બા ન ફળવાતા છ મહિનાથી વંચિત બહેનો તેલ માટે રાહ જોઈ રહી છે. ત્યારે બહેનોએ પોતાના પૈસાથી ખરીદીને તેલ લેવાનો વારો આવ્યો છે. વહેલી તકે સંજેલી તાલુકાની આંગણવાડી બહેનોને તાત્કાલિક તેલના ડબ્બા ફાળવવામાં આવે તેવી આમાથી પાર્ટીની માંગો પણ કરવામાં આવી.વધુમાં તાલુકા મહામંત્રી રણજીતભાઈએ જણાવ્યું હતું કે, આવનારા દસ દિવસમાં તપાસ નહીં થાય તો અમે તમામ ૧૩૭ આંગણવાડી કેન્દ્રની મુલાકાત કરી ખુલ્લા પાડીશું.

# ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેક પોસ્ટ પરથી ૨,૦૩,૬૦૦ વિદેશી દારૂના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોની અટકાયત કરાઈ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના પી.એસ.આઇ એમ.એમ.માળી પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા. તે સમયે તેમને રાજસ્થાન તરફથી ફોર વ્હીલર ગાડી ટાટા અલ્ટ્રોસ GH-06-PH-8741માં વિદેશી દારૂ લઈને આવતા હોવાની બાતમી મળેલ હતી. પોલીસે બાતમીને આધારે ધાવડીયા ચેક પોસ્ટ પર ચેકીંગ હાથ ધરેલ હતું. તે દરમ્યાન બાતમી વાળુ વાહન આવતા તેને રોકી ચેક કરતા તેમાંથી વિદેશી દારૂ મળી આવેલ હતો.

પોલીસ દ્વારા ગાડી ચાલકનું નામ પૂછતાં સંજય તાજું નીનામા ( પટેલ ફળીયા, નાની હાંડી, ઝાલોદ) બતાવેલ હતું. ગાડીમાં બેસેલ અન્ય બે ઈસમ શૈલેશ કાળુ નીનામા ( તળાવ ફળીયા, છાપરી, દાહોદ ) તથા મનોજ કનુ તડવી ( રહે. ખોડવા, દાહોદ) બતાવેલ હતું. પોલીસ દ્વારા ત્રણે ઈસમોની અટકાયત કરી તેમના પાસેથી મળેલ વિદેશી દારૂની કુલ ૨૪ બોટલ જેની અંદાજીત કિંમત ૩૬૦૦ તેમજ ફોર વ્હીલર ગાડીની કિંમત ૨,૦૦,૦૦૦ થઈ કુલ ૨,૦૩,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# લીમખેડાના કથોલીયા બે માસ પહેલા યુવતિના આપઘાત પ્રકરણમાં વળાંક જે છોકરા સાથે સગપણ થયા હતા તેની સાથે તકરાર થતાં આપઘાત કર્યો

દાહોદ,

જીલ્લાના લીમખેડા તાલુકાના કથોલિયા ગામે બે મહિના અગાઉ એક ૨૧ વર્ષીય યુવતીએ પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કર્યાના પ્રકરણમાં નવો વળાંક સામે આવ્યો છે. જેમાં મૃતક યુવતીની સગાઈ જે છોકરા સાથે થઈ હતી. તેની સાથે કોઈ કારણોસર બોલાચાલી થતા અને યુવક દ્વારા યુવતીને મોબાઈલ ફોનમાં બેફામ ગાળો બોલતા યુવતીને લાગી આવ્યું હતું અને જેને પગલે તેને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાના આક્ષેપો સાથે મૃતક યુવતીની બહેન દ્વારા દાહોદ જીલ્લા પોલીસવડા તેમજ પંચમહાલ આઈજીને લેખિત રજૂઆત કરી ન્યાયની માંગણી કરી હોવાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨ એપ્રિલના રોજ લીમખેડા તાલુકાના કથોલીયા ગામે દેહધા રહેતા ૨૧ વર્ષીય આરતીબેન બાબુભાઈ દેહધા એ પોતાના ઘરમાં ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ત્યારે આ મામલે ન્યાયની માંગણી સાથે મૃતક આરતી બહેનની બહેન સુલોચનાબેન બાબુભાઈ દેહધા દ્વારા દાહોદ જીલ્લા પોલીસવડા તેમજ પંચમહાલ રેન્જ આઈજી ને લેખિત રજૂઆત કરી જણાવ્યું હતું કે પોતાની બહેનની સગાઈ લીમખેડા તાલુકાના ઉસરા ગામે રહેતો અલ્પેશભાઈ ઉર્ફે વિપુલભાઈ ગોપાલભાઈ મુનિયા સાથે સગાઈ થઈ હતી. ત્યારે ગત તારીખ ૨ એપ્રિલના રોજ આરતી બહેન અને અલ્પેશ ભાઈ વચ્ચે કોઈ બાબતે તકરાર થઈ હતી. જેને પગલે બંને વચ્ચે મોબાઇલ ફોન તેમજ સોશિયલ મીડિયા માદયમથી વાતચીત થઈ રહી હતી અને જેમાં અલ્પેશભાઈ દ્વારા મૃતક આરતીબહેનને બેફામ ગાળો બોલી આરતીબહેનને પોતાના મોબાઈલમાંથી બ્લોક કરી નાખ્યા હતા. જે બાબતે આરતીબેનને મનમાં લાગી આવતા ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ત્યારે મૃતક આરતી બહેનની બહેન સુલોચના બહેન દ્વારા પોતાની બહેનને ન્યાય મળે તે માટે અલ્પેશભાઈ ઉર્ફે વિપુલભાઈ મુનિયા પોતાની બહેનના મોતનો જવાબદાર હોવાને કારણે અલ્પેશભાઈ ઉર્ફે વિપુલભાઈ મુનિયા વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તે માટે રજૂઆત કરવામાં આવી છે.

# ઝાલોદના બાજરવાડા ચોકડી ફોર વ્હીલ ચાલકે ટુ વ્હીલરને અડફેટમાં ચાલકનું મોત

દાહોદ,

ઝાલોદ તાલુકાના બાજરવાડા ચોકડી પર ફોર વ્હીલર ગાડીના ચાલક દ્વારા પૂરપાટ ચલાવી ટુ વ્હીલરને અડફેટે લેતા વ્યક્તિનું સારવાર દરમિયાન મોત.

ઝાલોદ તાલુકાના ટીમાચી ગામમાં રહેતા બે યુવકો ધ્રુવીલ રાજુ બારીયા તથા વિનોદ બાબુ બારીયા પોતાની ટુ વ્હીલર બાઈક GJ-20-BE-3483 તેમના સંબંધીને મળી સુરપળી ગામે થી આવી રહેલ હતા. તે દરમ્યાન બાજરવાડા ચોકડી ઉપર બોલેરો ગાડી GJ-06-EQ-7328ના ચાલક દ્વારા ગફલત રીતે ફોર વ્હીલર ગાડી હંકારી લાવતા ટુ વ્હીલર ગાડીને અડફેટે લઈ અકસ્માત સર્જયો હતો. આ અકસ્માતમાં ટુ વ્હીલર પર સવાર બંને વ્યક્તિને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજા થયેલ હતી. આ અકસ્માતમાં ધ્રુવીલને વધુ ગંભીર ઈજા થતા તેનું સારવાર દરમ્યાન મોત થયેલ હતું. ફોર વ્હીલર ચાલક અકસ્માત સર્જી ગાડી મુકી નાસી ગયેલ હતો. પોલીસ દ્વારા ગાડીને કબજે લઈ અજાણયા ફોર વ્હીલર ચાલકની તપાસ કરવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને પરિવાર સાથે આનંદમાં સમય વિતાવશો. સુખ આવશે અને પરિવારમાં ખુશીઓ રહેશે. બપોર સુધી સારા સમાચાર પણ મળી શકે છે

વૃષભ: આજે તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. ભેટો અને માન-સન્માનના લાભ મળશે. બીજાના સહકાર લેવામાં સફળ રહેશો. રાજ્ય પ્રવાસ અને મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભદાયક બનશે.

મિથુન: આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને તમારું ભાગ્ય વધી શકે છે. પરિવારમાં સમૃદ્ધિ થશે અને બગડેલી બધી બાબતો પૂરી થશે. જીવનસાથી અને ભાગીદારોને વ્યવસાયમાં સહયોગ મળશે.

કર્ક: આજનો દિવસ તમારા માટે થોડો જોખમી હોઈ શકે છે. તમારે જરૂરિયાત મુજબ જોખમ પણ લેવું જોઈએ, આમ કરવાથી તમારા માટે સફળતાની નવી રીત ખુલી શકે છે.

સિંહ: આજનો દિવસ તમારા માટે જુદો છે. કાર્યસ્થળમાં કેટલાક પરિવર્તન આવશે. તમે ક્યારેય બદલાવથી ડરતા નથી, પરંતુ આજે સરકાર અથવા સિસ્ટમમાંથી પરિવર્તન આવી શકે છે, જે તમારા માટે થોડી મુશ્કેલી ઊભી કરી શકે છે.

કન્યા: આજે તમારું મન પરેશાન થઈ શકે છે. તમે કોઈ કારણસર અસ્વસ્થ રહેશો. વ્યાવસાયિક વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો નિરર્થક હોઈ શકે છે. સાંજ સુધીમાં તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનને જીતવા માટે સક્ષમ હશો.

તુલા: આજે કોઈ કારણસર મુશ્કેલી આવી શકે છે. પારિવારિક મુશ્કેલીઓ સમસ્યામાં વધારો કરી શકે છે. આર્થિક વ્યવહારમાં સાવચેત રહેવું. કોઈની સાથે વિવાદના કારણે મન ખરાબ થઈ શકે છે અને ચિંતા વધી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે. આજે તમે જે પણ નિર્ણય લેશો તે ભવિષ્યમાં તમને લાભ આપશે. સંતાનના લગ્નમાં આવતી અડચણનો અંત આવશે. આજે તમારા લોકો સાથેના વધુ સારા સંપર્કો થશે.

ધન: આ દિવસે તમે તમારા કાર્યક્ષેત્રમાં સારી ખ્યાતિ મેળવી શકો છો. જો તમે તમારું કાર્ય ગંભીરતાથી કરશો તો તમને સફળતા મળશે. સમય સાથ આપશે અને પરિવારના સભ્યો પણ સહયોગ કરશે.

મકર: આજે તમારા ઘરના લોકો સાથે થોડો વિવાદ થઈ શકે છે, પરંતુ તેમ છતાં તમારું દાંપત્ય જીવન સુખી રહેશે. ભાગ્ય પ્રાપ્ત થશે અને ધન, પદ, પ્રતિષ્ઠા વધશે. આજે તમે શારીરિક અને માનસિક રીતે થાક અનુભવી શકો છો, પરંતુ ખુશી સામે થાક ઓછો થઈ જશે.

કુંભ: આજે ગ્રહોનો વિશેષ યોગ તમને આર્થિક સફળતા તરફ લઈ જશે. નમ્ર વાણીથી તમારી પ્રતિષ્ઠા વધશે. તમારા સ્વાસ્થ્ય વિશે સાવધાન રહેવું. તમારી ભોજનની ટેવમાં ધૈર્ય રાખો.

મીન: આ દિવસે નોકરી અને ધંધામાં ઈચ્છિત પરિણામ મળતાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત રહેશે. આજે તમે તમારા ધંધાને લગતા કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો કરવા વિશે વિચારી શકો છો અને આમ કરવાથી તમને લાભ મળશે. સાંજે તમે પરિવાર સાથે ફરવા પણ જઈ શકો છો.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# સૌનો સાથ, સૌનો વિકાસ...



ગુજરાતના
પનોતાપુત્ર અને
દેશની ધુરા સતત ત્રીજી વખત
સંભાળનાર **માનનીય વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
અને તેમના મંત્રીમંડળને
શુભેચ્છાઓ...

## સફળ નેતૃત્વ, અવિરત વિકાસ

"માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના દ્રષ્ટિવંત નેતૃત્વમાં **મોદી સરકાર 3.0** માં વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે"

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**, માનનીય મુખ્યમંત્રી



## વિકસિત ભારત માટે
# વિકસિત ગુજરાત

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# હાલોલ તાલુકાના કણજરી ગામે ગૌચર જમીનમાં ગેરકાયદેસર કબ્જો કરી ઉભા કરાયેલ ૯૦ બાંધકામ તોડી પડાયા.





હાલોલના કણજરી ગામે ગૌચરવાળી જમીનમાં ગેરકાયદેસર કબ્જો કરી તેની ઉપર બાંધકામ કરવામાં આવ્યું હતું અને નકલી (બોગસ) આકરણીના આધારે વીજ કનેકશન લેવામાં આવ્યા હતા. ત્યારે સરકારી આવાસોના મકાનની આકરણી બોગસ છે કે કેમ પછી સરકાર દ્વારા આપેલા મકાનની આકારણી પણ પંચાયત કરી ન હતી. તેની તપાસ જરૂરી છે.

કણજરી ગામે ગૌચરવાળી સરકારી જમીનમાં થયેલ ગેરકાયદેસર દબાણો દુર કરવાની કામગીરી કરવાની હોય ત્યારે હાલોલ અને આસપાસના વિસ્તારો માંથી જેસીબી નહિ મોકલવા માટે ગેરકાયેદસર દબાણકર્તાઓ દ્વારા જણાવાયું હોય આસપાસ માંથી દબાણો દુર કરવા જેસીબી નહિ મળતા ભરૂચના હિટાચી મશીન અને બહાર થી ૩ જેસીબી મંગાવીને ગેરકાયદેસર દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરી હતી.

હાલોલ,

હાલોલ તાલુકાના કણજરી ગ્રામ પંચાયતની ગૌચર જમીનમાં ગેરકાયદેસર કબ્જો કરીને કાચા-પાકા બાંધકામ કરવામાં આવ્યું હોય ગૌચર જમીન ઉપર દબાણકર્તાઓને પંચાયત વિભાગ દ્વારા નોટીસ આપવામાં આવી હતી. તેમ છતાં દબાણો દુર નહિ કરવામાં આવતાં હાલોલ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, વીજ કંપની અને પોલીસને સાથે રાખીને ૯૭ જેટલા ગેરકાયદેસર દબાણો તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

હાલોલ તાલુકાના કણજરી ગ્રામ પંચાયતના રે.સર્વે નં.૧૫૯૫/૧ અને ૧૫૯૫/૩વાળી સરકારી ગૌચર જમીનમાં કેટલાક લોકો દ્વારા ગેરકાયદેસર રીતે સરકારી જમીન કબ્જો કરી લઈને આ સરકારી ગૌચર જમીનમાં કાચા-પાકા મકાનો બાંધકામ કરી દેવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક લોકો દ્વારા સરકારી જમીન ઉપર ગેરકાયદેસર કબ્જો કરી લઈને આ જમીન બહારના વેપારીઓને વેચી નાખીને લાખો રૂપીયાની કમાણી કરી લેવાઈ હતી અને સરકારી ગૌચર જમીન ઉપર બનેલ ૯૭ જેટલા બાંધકામોની બોગસ (નકલી) અકારણીના આધારે વીજ કનેકશન મેળવી લેવાના આખે આખું ગામ વસી ગયું હતું. તે તંત્રની જેને લઈને લઈ ગૌચર જમીનના દબાણોના સર્વે કરવામાં આવ્યું અને સરકારી ગૌચર જમીન પરના તમામ નાના-મોટા ગેરકાયદેસર દબાણો કરી જમીન ખાલી કરવા માટે નોટીસો આપવામાં આવી હતી અને હાલોલ તાલુકા પંચાયત, રેવન્યુ વિભાગ, તાલુકા મામલતદાર, પોલીસ અધિકારીઓ સાથે ગૌચર જમીન ઉપરના ગેરકાયદેસર બાંધકામો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ગેરકાયદેસર રીતે ગૌચર જમીન માંથી ગેરકાયદેસર કાચા-પાકા દબાણો દુર કરવામાં આવ્યા. મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વીજ કનેકશન દુર કરવામાં આવ્યા હતા. કણજરી ગ્રામ પંચાયતના તલાટી દ્વારા જણાવવામાં આવ્યું કે, ગાયત્રી નગર ૩૬૭ હાઉસીંગ બોર્ડના મકાનો આવેલ છે. સરકારી છે તે સિવાયના તમામ બાંધકામો ગેરકાયદેસર હોવાથી નોટીસ અપાઈ હતી. તેવા તમામ ૯૭ બાંધકામો ઉપર બુલડોઝર ફેરવવાની કામગીરી શરૂ કરાઈ છે.

## ગોધરા સિવિલ હોસ્પિટલમાં વોર્ડ દીઠ પંખાની વ્યવસ્થા વધારવા સર્વે સમાજ સેના દ્વારા સિવિલ સર્જનને આવેદન



ગોધરા,

ગોધરા શહેરમાં એકમાત્ર સિવિલ હોસ્પિટલ આવેલી છે જ્યાં પંચમહાલ મહીસાગર અને દાહોદ જીલ્લા અંતરિયાળ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો સારવાર અર્થે આવે છે. ત્યારે દરેક હોસ્પિટલમાં વોર્ડ દીઠ પંખાની સંખ્યા વધારવા માટે ગોધરાના સિવિલ સર્જનને સર્વ સમાજ સેના પંચમહાલ ટીમ દ્વારા લેખિતમાં આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

હાલમાં સમગ્ર ગુજરાત સહિત જીલ્લામાં કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. ત્યારે ગોધરા શહેરમાં એકમાત્ર સિવિલ હોસ્પિટલમાં પંચમહાલ મહીસાગર દાહોદ જીલ્લાના ગરીબ અને મધ્યમ વર્ગના લોકો દૂર દૂરથી સારવાર અર્થે હોસ્પિટલમાં આવે છે. ત્યારે હોસ્પિટલની અંદર અપૂરતા પંખાઓની સુવિધાઓના લીધે દર્દીઓને પરસેવે રેબઝેબ થવું પડે છે અને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે હોસ્પિટલના દરેક વોર્ડ દીઠ પંખાની સંખ્યા વધારવા માટે પંચમહાલ જીલ્લાના સર્વ સમાજ સેના દ્વારા સિવિલ સર્જનને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.ગોધરા સિવિલ હોસ્પિટલમાં વચ્ચેની લાઈનમાં દર્દીઓ માટે જે બેડ મૂકવામાં આવ્યા છે. ત્યાં વચ્ચેની લાઈન મા કોઈપણ પ્રકારના સીલીંગ ફેન કે ટેબલ ફેન ની વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના કારણે આ કાળજાળ ગરમીમાં દર્દીઓ અને સગા સંબંધીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે અને જો કોઈ જુના પંખા હોય ધીમી ગતિએ ફરતા હોય કે બંધ હાલતમાં હોય તેને પણ બદલવામાં આવે અને તાત્કાલિક ધોરણે વચ્ચેની લાઈનમાં નવા સીલીંગ ફેન અથવા તો ટેબલ ફેનની વ્યવસ્થા કરવામાં આવે અને જો આ વ્યવસ્થા કરવામાં લાંબો સમય લાગે તેમ હોય તો તાત્કાલિક ધોરણે ભાડે ટેબલ ફેન અથવા તો કુલરની વ્યવસ્થા કરવામાં આવે જેથી કરીને દર્દીઓને તેમજ સગા સબંધીને આ કાળજાળ ગરમીના સમયમાં રાહત મળી રહે તે માટે સિવિલ સર્જન ને રજૂઆત કરાઈ હતી.

## ગોધરામાં નીટ પરીક્ષામાં ચોરીના ષડયંત્રના મુખ્ય આરોપી તુષાર ભટ્ટની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

પંચમહાલ ગોધરા જય જલારામ સ્કુલમાં નીટ પરીક્ષામાં ચોરી કરાવવાના ષડયંત્રમાં પોલીસ દ્વારા પાંચ આરોપીઓને ઝડપી પાડીને જેલમાં ધરેલી દેવામાં આવ્યા છે. નીટ પરીક્ષામાં ચોરી કરવાના પ્રકરણમાં મુખ્ય આરોપી એવા તુષાર ભટ્ટ રજનીકાંત ભટ્ટ દ્વારા પંચમહાલ જીલ્લા મુખ્ય પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી મુકી હતી. આ જામીન અરજીની સુનાવણી હાથ ધરવામાં આવતાં આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

ગોધરા જય જલારામ સ્કુલમાં નીટ પરીક્ષામાં કેન્દ્ર ફાળવેલ હોય આ કેન્દ્રમાં નીટની પરીક્ષા આપવા આવનાર પરીક્ષાર્થીઓ પૈકી અમુકને પરીક્ષામાં ચોરી કરવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું અને આ નીટ પરીક્ષામાં ચોરીના પ્રકરણમાં જય જલારામ સ્કુલમાં તુષારભાઈ રજનીકાંત ભટ્ટ જે નીટ સેન્ટરના ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડન્ટ તથા પુરૂષોત્તમ મહાવીરપ્રસાદ શર્મા આચાર્ય જય જલારામ સ્કુલને (૨૦૨૪ નીટ પરીક્ષામાં સીટી કોઓર્ડીનેટ જય જલારામ સ્કુલ પરવડી તથા પડાલ (થર્મલ) નિમણૂંક કરાઈ હતી. આ બન્નેના મોબાઈલ ફોનમાં મળેલ લીસ્ટવાળા પરીક્ષાર્થીઓને પાસ કરાવવાનું ગેરરીતિ આચરવા માટે અન્ય પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરી પોતે આર્થિક લાભ મેળવવા પરશુરામ રોય, વિભોર આનંદ નાએ એક પરીક્ષાર્થી દીઠ રૂા.૧૦,૦૦,૦૦૦/-લેવાના નકકી કરી આરોપી આરીફ વોરા પાસેથી ૭,૦૦,૦૦૦/-રૂપીયા એડવાન્સ લઈ સરકાર દ્વારા સોંપવામાં આવેલ જવાબદારી સારી રીતે નહિ નિભાવી ગેરરીતિ કરવાના ઈરાદે આરોપી દ્વારા ગુનાહિત કાવતરું રચી વિશ્વાસઘાત કરતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં પાંચ આરોપીઓને ઝડપી પાડીને રીમાન્ડ મેળવી પુછપરછ બાદ કોર્ટમાં રજુ કરવામાં આવતાં આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ હોય આરોપીઓ પૈકી તુષાર રજનીકાંત ભટ્ટ દ્વારા રેગ્યુલર જામીન મેળવવા માટે પંચમહાલ જીલ્લા મુખ્ય પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં અરજી કરેલ હોય આ જામીન અરજીની સુનાવણી હાથ ધરાઈ હતી. સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર દ્વારા વિગતવાર દલીલો અને પોલીસ તપાસના પેપર્સ રજુ કરતાં કોર્ટ આ બાબતે દયાને લઈને આરોપી તુષાર રજનીકાંત ભટ્ટની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરાઈ હતી. જામીન અરજી નામંજુર કરતાં સાથે મુખ્ય પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સી.કે.ચૌહાણ દ્વારા ચુકાદામાં નોંધાવામાં આવ્યું કે, આરોપી તુષાર ભટ્ટની સીધી સંડોવણી જણાઈ આવે છે. એક ઉમદા વ્યવસાય અને તેની પ્રવેશ પરીક્ષામાં આ રીતે ગેરરીતિ કરવી કયારેય માફ ન કરી શકાય તેવી પ્રવૃતિ છે.




## શહેરાના સાજીવાવ ગામે લાકડાના ટેકે વીજ થાંભલો ઉભો છે ત્યારે વીજ કપંની જોખમી થાંભલા માટે કાર્યવાહી કરે તે જરૂરી



આવેલા ખેતરમાં જીવંત વિજ વાયર વાળો વીજ થાંભલો

શહેરા,

શહેરા તાલુકાના નવી વસાહત સાજીવાવ ગામના પગી ફળિયા પાસે આવેલ ખેતરમાં લાકડાના ટેકે વીજ થાંભલો એક વર્ષથી છે. અહીં કોઈ ઘટના બને તે પહેલા એમ.જી.વી.સી.એલ. કચેરી દ્વારા જોખમી વીજ થાંભલાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ જાગૃત ગ્રામજનો માંથી ઉઠી હતી.

શહેરા તાલુકાના નવી વસાહત સાજીવાવ ગામ ખાતે પગી ફળિયા ના નજીકમાં પાછલા એક વર્ષથી લાકડાના ટેકે ઉભો રહેલ જોવા મળી રહ્યો હતો. જોખમી વીજ થાંભલા પાસે ખેડૂત અને તેના પરિવાર સાથે અન્ય ગ્રામજનોની અવરજવર રહેતી હોય ત્યારે અહીં કોઈ ઘટના બને તેની રાહ એમ.જી.વી.સી.એલ. તંત્ર દેખી રહી હોય એવું લાગી રહ્યું છે. આ ગામના જાગૃત નાગરિક દ્વારા વીજ કચેરીને પણ રજૂઆત કરાઈ રહી હોય તેમ છતાં આ બાબતે કોઈ ગંભીરતા લેવામાં આવી ન હતી. એમ.જી.વી.સી.એલ. દ્વારા તાલુકા પંથકમાં પ્રિમોન્સૂન ની કામગીરી કરવામાં આવી રહી હોય ત્યારે આવા જોખમી વીજ થાંભલાને દૂર કરીને નવા વીજ થાંભલા ઉભા કરવામા માટે કોના આદેશની રાહ દેખી રહ્યા છે. આ વિસ્તારમાં નમી ગયેલા વીજ થાંભલા જોવા મળતા હોય ત્યારે આ વિસ્તારમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પ્રિમોન્સુનની કામગીરી અહી હાથ ધરવામાં આવે તે પણ જરૂરી છે.

## સ્ટુન્ટડ પોલીસ કેડેટ સમર કેમ્પ-૨૦૨૪ અડાદરા ખાતે આયોજન કર્યું



કાલોલ,

પંચમહાલ જીલ્લા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત વિવિધ તાલુકામાંથી ૧૨ વધુ સ્કૂલનાં ૩૭૨ બાળકો વધુ બાળકોનો જીલ્લાકક્ષાનો સમર કેમ્પ-૨૦૨૪ કાલોલ તાલુકાના અડાદરા જી.પંચમહાલ ખાતે તા.૬ થી ૧૧ જૂન ૨૦૨૪ દરમ્યાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ મુખ્ય હેતુ બાળકોનો સર્વાંગી વિકાસ, આત્મનિર્ભર તેનામાં રહેલી વિવિધ શકિત બહાર લાવીને બાળકો સમાજમાં સારો નાગરિક બનીને કાયદો વ્યવસ્થા પાલન કરે તેમાં વિવિધ પ્રકારની હરીફાઈ, રમતો, કાયદાનું જ્ઞાન, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, બચાવકાર્ય, ડોગસ્કોડ, સાયબર કાઈમ, ટ્રાફિક મેનેજમેન્ટ માર્ગદર્શન, આદર્શ ગામની મુલાકાત, મલાવ કૃપાલું આશ્રમ રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમજ સમૂહ ચર્ચા, એક બીજા ઓળખ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર સમર કેમ્પ સંચાલન ડી.એચ.રાઠોડ.,પીએસઆઈ. પ્રવીણસિંહ, એ.એસ.આઈ. રૂચિકાબેન, એ.એસ.આઈ. તેમજ તમામ પોલીસ સ્ટેશનમાં મશ અને વિવિધ સ્કૂલનાં cpo સાથે મળી આયોજન કર્યું છે.

## ગોધરા તાલુકાના કંકુથાંભલા ગામે હાઈવે રોડ ઉપર બાઈક ચાલકે અન્ય બાઈકને ટકકર મારી ચાલકને ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના કંકુથાંભલા ગામે હાઈવે રોડ ઉપરથી ફરિયાદીનો છોકરો બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો દરમિયાન સામેથી આવતી બાઈકના ચાલકે અન્ય બાઈકને ટકકર મારતા ૩૭ વર્ષિય યુવાનને ગંભીર ઈજાઓ થતાં ગોધરા સિવિલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવતા રસ્તામાં મોત નીપજ્યું હતુ. જયારે તેના પાછળ બેઠેલ યુવાનને નાની-મોટી ઈજાઓ પહોંચાડી નાસી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના કંકુથાંભલા ગામે હાઈવે રોડ ઉપરથી રોહિતભાઈ હિંમતભાઈ ડબગર(ઉ.વ.૩૭)પોતાની મોટરસાયકલ નં.જીજે-૧૭-બીબી-૨૦૪૭ લઈને પસાર થઈ રહ્યો હોય દરમિયાન બાઈક નં.જીજે-૧૭-સીએફ-૬૫૫૪ના ચાલકે પોતાની બાઈક પુરઝડપે હંકારી લાવી રોહિતભાઈની બાઈકને ટકકર મારી હતી. જેને લઈ જમણા પગમાં ફ્રેકચર કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. ત્યારે કાલોલ નજીક રસ્તામાં રોહિતભાઈનુ મોત નીપજવા પામ્યુ હતુ. જયારે બાઈક પાછળ બેઠેલ ટીનાભાઈ રાધાભાઈ વણઝારાને માથાના ભાગે તેમજ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચાડી અકસ્માત સર્જનાર બાઈક ચાલક નાસી જઈ ગુનો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.246